**Capital World Pg 5, 19th Feb 2022**

# બિટકોઈન ફરી એક વાર ઘટીને ૪૦ હજાર ડોલરની અંદર સરક્યો

**કેપિટલ સંવાદદાતા તા.૧૮**

સૌથી જૂની ક્રીપ્ટોકરન્સી બિટકોઈન શુક્રવારે માંડ માંડ ૪૦,૦૦૦ ડૉલરની નીચે જતાં અટક્યો હતો. રશિયા અને પાશ્ચાત્ય દેશોની વચ્ચેની જિયોપોલિટીકલ તંગદિલીને પગલે ઈક્વિટી અને ક્રીપ્ટોકરન્સી ક્ષેત્રે હજી નરમાશ પ્રવર્તે છે. યુક્રેન પર ગમે તે ઘડીએ આક્રમણ

» ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સમાં પાંચ ટકાનો ઘટાડો

થઈ શકે છે એવા અણસાર વચ્ચે ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં કડાકો બોલાયો હતો. અમેરિકાના પ્રમુખ જો બાઈડને કહ્યું છે કે રશિયા યુક્રેન પર આક્રમણ કરવાની તૈયારીમાં છે.

આ સ્થિતિમાં ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ શુક્રવારે રાત્રે નવ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૫.૦૦ ટકા (૩,૦૪૩ પોઈન્ટ) ઘટીને ૫૭૯૯૨ પોઈન્ટ બંધ રહ્યો હતો.